# Appendix - XV

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, વડોદરા

વાર્ષિક પરીક્ષા - ૧૯૯૬

વિષય - ગુજરાતી

ધોરણ : ૬ તારીખ : ૧૭-૪-૧૯૯૬

બુધવાર સમય : ૮.૦૦ થી ૧૦.૦૦

---

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે છ)** **(૧૨)**

૧. પરાગને બા પાસેથી કયો પાઠ શિખવા મળ્યો ?

૨. ભૂખ્યો હોવા છતાં છોકરાએ દાળિયા કેમ ન ખાધા ?

૩. દીધીતિએ પોતાના પુત્રને શી સલાહ આપી?

૪. હેલન કેલરનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૫. ગાંધીજીએ દંપતિનો વ્હેમ શી રીતે દૂર કર્યો ?

૬. ભારતમાં ક્યાં પક્ષીઓ સર્વત્ર જોવા મળે છે ?

૭. બાળકો ઈબ્રાહીમ ચાચાને "મીઠા ચાચા" શા માટે કહેતા ?

૮. ડાંગ જીલ્લો ક્યાં આવેલો છે ? એનું મુખ્ય મથક કયું છે ?

**પ્ર.૨ કોઈ પણ એક વિષય પર દસ થી પંદર લીટી લખો.** **(૧૦)**

૧. મારો પ્રિય તહેવાર ૨. મેં કરેલો પ્રવાસ

૩. સરદાર વલ્લભભાઈ પટેલ

**પ્ર.૩ નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખો અને તને યોગ્ય શિર્ષક આપો.** **(૮)**

બે મિત્રો — જંગલમાં ફરવા જવુ — રીંછનુ સામે આવવુ — એક મિત્રનુ ડરીને વૃક્ષ પર ચઢવુ — બીજો મિત્ર જમીન પર મડદાની જેમ પડયો રહે — રીંછનુ આવવુ — સૂંઘીને ચાલ્યા જવુ — રીંછની શીખામણ — ભય વખતે ભાગી જતા મિત્રોથી ચેતતા રહેવું.

**અથવા**

તમારી શાળામાં યોજવામાં આવેલ બાળમેળા વિષે મિત્રને પત્ર લખો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ)** **(૧૦)**

૧. પ્રભાતને કવિ કોનું રાજય કહે છે ?

૨. શબરી રાત દિવસ કોને જપતી હતી ?

૩. શહીદનાં હૈયે કઈ વાત કોતરાયેલી હોય છે ?

૪. ભારતમા કયા કયા ધર્મ પાળતી પ્રજા વસે છે ?

૫. સુદામાનું સ્વાગત કરવા શ્રીકૃષ્ણની રાણીઓએ શી તૈયારી કરી ?

૬. કવિ કોની હારને જીત ગણે છે ? શા માટે ?

પ્ર.૫ (અ) બંધ બેસતા જોડકાં બનાવો. (૫)

| 'અ' | 'બ' |
| --- | --- |
| ૧. ભીખુ | ૧. દુલા કાગ |
| ૨. વર્ષાના રંગો | ૨. નાથાલાલ દવે |
| ૩. ખજુર | ૩. ધૂમકેતુ |
| ૪. મહેનતની મોસમ | ૪. રતિલાલ દલાલ |
| ૫. આવકારો | ૫. ગિજુભાઈ બધેકા |
| | ૬. જયોતીન્દ્ર દવે |

પ્ર.૫ (બ) માંગ્યા મુજબ લખો. (૫)

૧. જોડણી સુધારો : નીમણુંક, ગીરીમાળા
૨. શબ્દોના અર્થ : વેદના, સાથવો
૩. સમાનાર્થી શબ્દ લખો : આંખ, આકાશ
૪. ભાવવાચક સંજ્ઞા લખો : શિશુ, ચતુર
૫. વિરોધાર્થી શબ્દ લખો : સ્વર્ગ, સંયોગ

પ્ર.૬ (અ) ગમે તેએક પંકતિ સમજાવો. (૫)

૧. જેણે હણીયું વેરે તેણે સૌ વેરી હણ્યા,
જતું રહે જો ઝેર તો, અમરત આવી ઠરે.

૨. ''સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય''

(બ) નીચેનામાંથી સર્વનામ શોધી તેના પ્રકાર લખો. (૨)

૧. જેને રામ રાખે તેને કોણ ચાખે ?
૨. પેલાને અહીં બોલાવો.

(ક) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં વાપરો. (૨)

૧. પગે પાંખો આવવી     ૨. ટાઢક વળવી

(ડ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (૧)

૧. સત્ય માટેનો આગ્રહ     ૨. હાલ્યા ચાલ્યા વિનાનું